<u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ</u>

<u>બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર</u>

<u>પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષા યોજવા બાબતનું જાહેરનામું</u>

ક્રમાંક:-ઇએકસએમ-૪-૧૨૭/...૫૧(-૭).../૨૦૨૧-૨૨

તા.૦૭/૦૯/૨૦૨૧

## <u>જાહેરનામું</u>

ગુજરાત પંચાયત સેવા (ગુજરાતી ભાષાની પરીક્ષા) નિયમો- ૧૯૬૪ના નિયમ-૦૭ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષા આ સાથેના સમયપત્રક મુજબ યોજવાનું મંડળ દ્વારા નક્કી કરાયેલ છે.

સદરહું પરીક્ષાનો અભ્યાસક્રમ ઉકત નિયમોના- નિયમ-૬ માં દર્શાવ્યા મુજબનો રહેશે. આ અંગેનું સમયપત્રક આ સાથે બીડવામાં આવેલ છે. પરીક્ષામાં બેસવા ઇચ્છતા ઉમેદવારોએ નિયમ- ૭ હેઠળ અરજી (આવેદનપત્ર) કરવાની રહેશે. આ માટે ઉમેદવારે આ સાથે બીડેલ નિયત નમૂનાનું આવેદનપત્ર પોતાની કચેરીમાંથી મેળવી, ભરેલું આવેદનપત્ર મોડામાં મોડા તા.૦૬/૧૦/૨૦૨૧ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને રૂબરૂમાં મોકલી આપવાનું રહેશે. આ ભાષાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની અસલ અરજીઓ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા સાથે સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મોડામાં મોડા તા.૦૮/૧૦/૨૦૨૧ સુધીમાં પહોચેં તે રીતે મોકલવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ આવેદનપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

"મંડળના આદેશાનુસાર"

(ભરત સી. પરમાર)
સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

નં.ઇએકસએમ-૪-૧૨૭
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી, સરકારી મુદ્રાણાલય, ગાંધીનગર તરફ ઉપરોકત જાહેરનામાની પ્રસિધ્ધિ આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧'અ'માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.અધિક મુખ્યસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી  કાર્યવાહી સારૂં.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂં.

(૪) અધિક સચિવશ્રી(પંચાયત),પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ), જિલ્લા પંચાયત કચેરી,   (તમામ)

(૨) કચેરીના નોટીસ મંડળ તરફ પ્રસિધ્ધી સારૂં.

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

### પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષા માહે -૨૦૨૧

### :-સમયપત્રક:-

પંચાયત સેવાના કર્મચારીઓની તા.૧૬/૧૭-નવેમ્બર-૨૦૨૧ ના રોજ યોજાનાર ગુજરાતી ભાષાકીય પરીક્ષાનું સમયપત્રક નીચે મુજબ રહેશે.

પરીક્ષાનું સ્થળ:- સંબધિત જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા નક્કી કરવામાં આવશે

| પ્રશ્નપત્ર નંબર | તારીખ અને વાર | વિષય સૂચિ | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૧૬/૧૧/૨૦૨૧ મંગળવાર | (અ) ગુજરાતી નિબંધ લેખન અથવા પત્ર લેખન<br>(બ) ગુજરાતીમાં આપેલ ફકરાનો ટૂંકસાર અથવા સારાંશ<br>(ગુણ-૧૦૦) | સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ |
| ૨ | તા.૧૬/૧૧/૨૦૨૧ મંગળવાર | નીચેના પાઠ્ય પુસ્તકોના પ્રશ્નો<br>(અ) ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા<br>(બ) ઓતરાતી દિવાલો- કાકા કાલેલકર<br>(ગુણ-૧૦૦) | બપોરે ૨:૦૦ થી ૪:૦૦ |
| 3 | તા.૧૭/૧૧/૨૦૨૧ બુધવાર | મૌખિક પરીક્ષા<br>મૌખિકમાં હસ્તલિખિત પ્રત વાંચન તથા વાર્તાલાપ<br>(ગુણ-૧૦૦) | સાજે ૪:30 થી શરૂ |

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

સ્થળ:- ગાંધીનગર
તારીખ- ૦૭/૦૯/૨૦૨૧

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર